

P.07

સ્ટુડન્ટ ઓફ ધી યર સીરિઝમાં શનાયાનો ડબલ રોલ હશે


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in
LOK PATRIKA
RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૩૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 34 • Dt.05-09-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


P.07

શાહરૂખ ખાનથી લઈને આલિયા ભટ્ટ સુધી, પંજાબમાં આવેલા પૂરથી ચિંતિત સ્ટાર્સ



અફઘાનિસ્તાનમાં ભૂકંપ બાદ ભયાનક સ્થિતિ । મૃત્યુઆંક ૨૨૦૦ને પાર 07



05
SEPTEMBER- 2025
FRIDAY



07 અમેરિકા - ડોનાલ્ડ ટ્રમ્પનું શાસન જોખમમાં, પુતિને 'એકધ્રુવીય વિશ્વ'નો અંત લાવવાનું આહ્વાન કર્યું



ગુજરાત રેડ એલર્ટ પર । આગામી ૪૮ કલાકમાં

## બનાસકાંઠા, થરાદ, ડીસા, દાંતા, સિદ્ધપુર અને વડનગર જેવા વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શક્યતા

# ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના

## ભારેથી અતિ ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે । તેથી તંત્ર દ્વારા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી હિતાવહ છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

આગામી ૪૮ કલાકમાં ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે, જેના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને બનાસકાંઠા, થરાદ, ડીસા, દાંતા, સિદ્ધપુર અને વડનગર જેવા વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શક્યતા છે. આગાહી મુજબ, રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદનું જોર વધશે. ભારેથી અતિ ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે, તેથી તંત્ર દ્વારા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી હિતાવહ છે.જયારે પંચમહાલ, મહીસાગર, ખંભાત, ભરૂચ, જંબુસર, છોટા ઉદેપુર, ગોધરા અને દાહોદ જેવા ભાગોમાં પણ ભારે વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતઃ આ પ્રદેશના કેટલાક ભાગોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે, જેના કારણે સ્થાનિક નદીઓમાં જળસ્તર વધી શકે છે.સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં પણ વરસાદનું જોર જોવા મળશે. ખાસ કરીને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોઃ મોરબી, ચોટીલા, થાણ, સુરેન્દ્રનગર, હળવદ, ધાંગધ્રા અને જામનગરના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા છે.આગામી ૮ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદનું પ્રમાણ વધશે. સૌરાષ્ટ્રમાં ૩થી ૪ ઈંચ, જ્યારે કેટલાક વિસ્તારોમાં ૬ ઈંચ સુધીનો વરસાદ વરસી શકે છે.



ગુજરાતના કોઈપણ ભાગમાં ૧૦ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ પણ થઈ શકે છે. આ સંજોગોમાં, તમામ નાગરિકોને ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે. જો તમે એવા વિસ્તારમાં રહો છો જ્યાં પાણી ભરાઈ જતું હોય, તો અગાઉથી જ સુરક્ષિત જગ્યાએ ખસી જવાની તૈયારી રાખો. તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું પણ જરૂરી છે.ગુજરાત હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે.

### તળાજાના સરતાનપર ખાતે રૂ.૫૪૮૧ લાખના કામોનું ખાતમુહૂર્ત

# કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાની વિશેષ ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત સમારોહ યોજાયો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૪ ।

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સરતાનપર ખાતે કેન્દ્રીય ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણના રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં અને ગુજરાતના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા સરતાનપર ચેકડેમ (બંધારા) બનાવવાનું કામ અને શેત્રુંજી ડાબા કાંઠા તથા જમણાં કાંઠા નહેરના આધુનિકીકરણના કુલ રૂ.૫૪૮૧ લાખના કામોનો ખાતમુહૂર્ત સમારોહ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રૈયાબેન મિયાણી, ધારાસભ્ય શ્રી ગૌતમભાઈ ચૌહાણની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં સરતાનપર ચેકડેમ માટે રૂ. ૨૫૩૯ લાખ, શેત્રુંજી સિંચાઈ યોજના સી.સી. લાઈનીંગ ૦ થી ૫૫ સુધી રૂ.૧૬૪૬ લાખના ખર્ચે, શેત્રુંજી સિંચાઈ યોજના સી. સી. લાઈનીંગ ૧૭થી ૩૬ સુધી રૂ.૧૨૯૬ લાખના ખર્ચે બનાવવાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.સરતાનપર ચેકડેમ (બંધારા) તથા શેત્રુંજી નહેરના આધુનિકીકરણના કામોના ખાતમુહૂર્તના કાર્યક્રમમાં મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે આજે ગુજરાતના તમામ વિસ્તારોમાં પાણી પહોંચ્યું છે ત્યારે એ જ દિશામાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ કામગીરીને સતત આગળ વધારી રહ્યા છે.







### ૫મી સપ્ટેમ્બર - શિક્ષક દિવસ વિશેષ

## વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દીવાલોમાંથી બહાર લઈ જઈને કૌશલ્યવર્ધિત સર્વાંગી શિક્ષણ માટે સતત પ્રયાસરત શિક્ષક આરતીબેન શર્મા

### 'આઉટ ઓફ બોક્સ' શિક્ષણના અભિગમથી કામગીરી કરતા મિરોલી પે સેન્ટર શાળાના આચાર્ય શ્રી આરતીબેનને એનાયત થશે રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

કહેવાય છે કે શિક્ષક એ સમાજનો ઘડવૈયો હોય છે. સમાજની આગામી પેઢીને તૈયાર કરીને શિક્ષક સામાજિક ઉત્થાન અને રાષ્ટ્રનિર્માણ ક્ષેત્રે ચાવીરૂપ ભૂમિકા ભજવતો હોય છે. આજે ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીના આધુનિક સમયમાં બાળકોને પરંપરાગત શિક્ષણની સાથોસાથ ટેક્નોલોજી આધારિત અને કૌશલ્યવર્ધિત શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે. અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાની મિરોલી પે સેન્ટર શાળાના આચાર્ય શ્રી આરતીબેન આ બાબતને સુપેરે સમજે છે. આથી જ તેઓ 'આઉટ ઓફ બોક્સ' શિક્ષણના અભિગમથી વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દીવાલોમાંથી બહાર લઈ જઈને કૌશલ્ય આધારિત અને પ્રેક્ટિકલ એપ્રોચ સાથેના શિક્ષણ માટે સતત પ્રયાસરત રહે છે.'હર બચ્ચા હે ખાસ'ના સૂત્ર સાથે છેલ્લા ૨૬ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે નવીન અભિગમ સાથે અનેકવિધ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન બદલ આરતીબેનને રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ૨૦૨૫ એનાયત કરવામાં આવશે. શાળાકીય શિક્ષણ અને શૈક્ષણેત્તર પ્રવૃતિઓમાં નવીન અભિગમ સાથે શ્રી આરતીબેનની કામગીરીશાળાનું કેન્દ્રસ્થાન બાળક છે ત્યારે તેને સ્પર્શતા તમામ પાસા જેવા કે ઉત્તમ પર્યાવરણ, બાળઆરોગ્ય, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, નિયમિત એક્સપોઝર વિઝિટ્સ સહિત તમામ ભૌતિક સુવિધાઓથી સજ્જ શાળા નિર્માણ માટે સતત મથતા રહી છેલ્લાં સાત વર્ષમાં આરતીબેને શાળાની કાયાપલટ કરીછે.બાળકો ફક્ત ચોક/ટોક પૂરતા સીમિત ન રહે અને વર્ગખંડની ચાર દીવાલથી બહાર જઈને નવું-નવું જોઈ જાણી અનુભવથી શીખે તથાજ્ઞાન વિજ્ઞાન, ટેક્નોલોજી અને સાંપ્રત પ્રવાહોથી માહિતગાર થાય તે હેતુસર





આરતીબેન દ્વારા સમાજના સહકારથી નિયમિતપણે બાળકોને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, ઈસરો, સાયન્સ સીટી, વિક્રમ સારાભાઈ કમ્યુનીટી સાયન્સ સેન્ટર, ખોજ મ્યુઝિયમ, ગ્રામ ભારતી, બોટનીકલ ગાર્ડન સહિતના શૈક્ષણિક પ્રવાસો તથા હવાઈ માર્ગે મુસાફરી(દિલ્હી,વાઘાબોર્ડર,અમૃતસર, મુંબઈ) થકી નેશનલ ગણિત વિજ્ઞાન પ્રદર્શન, નેશનલ બૂક ફેર મુલાકાત, નિરમા યુનિવર્સિટી, સત્યમમેવ જયતે અંગ્રેજી શાળાની મુલાકાતો કરાવામાં આવે છે.શાળામાં જ્ઞાનવર્ધક પુસ્તકો અને મેગેઝિન સાથેના અદ્યતન પુસ્તકાલય અને દરરોજ ૩૦ મિનિટ ઈતર વાંચનની પહેલના લીધે બાળકોમાં ખૂબ સારું પરિણામ જોવા મળ્યું.વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત થાય અને તેઓ સારું પરિણામ મેળવે તે માટે આરતીબેન સતત આયોજન સાથે કામગીરી કરી રહ્યા છે. નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા અને ભણવામાં હોશિયાર હોય તેવા બાળકોના ઉચ્ચ અભ્યાસનો ખર્ચ સમાજિક સંસ્થાઓના સહકારથી કાઢી શકાય એ માટે આરતીબેન સતત પ્રયાસરત રહે છે. છેલ્લા ૬ વર્ષથી શાળાના બાળકો ખેલમહાકુંભ માં શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે. રમતગમત, કલા, વિજ્ઞાન સહિતના ક્ષેત્રે બાળકની જે ક્ષમતા હોય તે મુજબ તેને પ્લેટફોર્મ પૂરું પાડીને આગળ વધારવા આરતીબેન સતત કટિબદ્ધ રહે છે.શાળામાં કન્યા સશક્તિકરણ માટે સ્ટાફ અને શાળા વ્યવસ્થાપન સમિતિના સહકારથી કરાટે ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે.

આલેખન :- મિનેશ પટેલ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ

### લીંબડીના વેપારી ઉપર સરપંચના પતિ તથા સાથીઓ દ્વારા જાહેરમાં અપાઈ ધમકી

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૪ ।

લીંબડીમાં તા. ૨/૯/૨૦૨૫ ના રોજ સાંજે અંદાજે ૮:૩૦ કલાકે લીંબડી ચાકલિયા ચોકડી પાસે પાનના ગલ્લા પર એક ગંભીર બનાવ બન્યો હતો. લીંબડીના વેપારી રાજકુમાર જયંતીલાલ પરમાર પોતાના મારુતિ સ્વિફ્ટ કારમાં બેસેલા હતા, ત્યારે લીમડી ગ્રામ પંચાયતના સરપંચના પતિ વિજયભાઈ પ્રેમચંદભાઈ મોરી સફેદ અર્ટીકા કારમાં પોતાના સાથીદારો ઘનશ્યામ માળી, સમીર કિશોરકુમાર જૈન તથા પારસ સોલંકી ઉર્ફે રાજુ આર.એલ.ના ઓ સાથે ત્યાં આવી પહોંચ્યા હતાકારમાંથી ઉતરતા જ વિજયભાઈ મોરીએ અરજીઓ કરવાની બાબતે જાહેરમાં ગાળો બોલી રાજકુમાર જયંતીલાલ પરમારને થપ્પડ મારી હતી. ત્યારબાદ ઘનશ્યામ માળી અને સમીર જૈન તેમની પાસે પહોંચી ધમકીભર્યા શબ્દો ઉચ્ચાર્યા હતા. એ જ સમયે પારસ સોલંકી ઉર્ફે રાજુ આર.એલ.ના ઓ પણ ત્યાં આવી વેપારી રાજકુમાર પરમાર તથા તેમના પિતા જયંતીલાલ અને પુત્ર કાવ્યને ઉદ્ધત ગાળો આપી.

### ધર્મને ઊંચો લાવવો અને માં ની ભક્તિ કરવા લાલ દંડા સંઘ દર વર્ષે આવે છે અંબાજી : કૌશિક જોષી

## લાલ દંડા સંઘ પોહ્ચ્યો માં અંબાને ધામ । ૫૧ બ્રાહ્મણો અને ૪૫૦ જેટલા પદયાત્રી સાથે લાલદંડા સંઘે માં અંબાના દર્શન કર્યા

। પ્રતિનિધિ, ભવર મીણા અમીરગઢ, તા.૪ ।

આજે લાલ દંડા સંઘે માં અંબાના ધામ અંબાજી પોહચી માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી અનેક સંઘો આવે છે, પરંતુ આ સંઘોમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર અને ઐતિહાસિક મહત્વ ધરાવતો સંઘ છે લાલ ડંડા સંઘ. અમદાવાદથી નીકળતો આ સંઘ દસ દિવસની કઠિન પદયાત્રા બાદ અંબાજી પહોંચે છે. છેલ્લા ૧૯૧ વર્ષથી લાલ ડંડા સંઘની પદયાત્રા આજે પણ અવિરત ચાલુ છે.

ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી આવતા સંઘોમાં લાલ દંડા સંઘ સૌથી જુના સંઘોમાં એક છે. ભાદરવા સુદ બીજના દિવસે અમદાવાદથી રવાના થઈ દસ દિવસની કઠિન પદયાત્રા બાદ બારસના દિવસે લાલ દંડા સંઘ માં અંબાના સાનિધ્યમાં અંબાજી પહોંચે છે. આ દરમિયાન ઠેર ઠેર તેમનું સ્વાગત કરવામાં આવે છે તથા તેને આવકારવામાં પણ આવે છે. લાલ દંડા સંઘનું દાંતાના રાજવી પરિવાર દ્વારા પણ ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. પાંચસોથી વધુ પદયાત્રીઓ સાથે નીકળતો આ લાલ દંડા સંઘ ભાદરવી પુનમના મેળામાં આવતા સંઘોમાં સૌથી મહત્વનો સંઘ છે.

સંઘના આગેવાન કૌશિકભાઈ જોશીએ જણાવ્યું હતું કે લાલ દંડા સંઘે આજે માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી છે. ધર્મને ઊંચો લાવવો અને માની ભક્તિ કરવી એ અમારા આ સંઘનું ઉદ્દેશ છે. ૫૧ બ્રાહ્મણો તેમજ ૪૫૦ જેટલા લોકોએ




અમદાવાદથી શરૂ કરેલી પદયાત્રા આજે મા અંબાના દર્શન કરી પૂર્ણ થઈ છે. અમારા સંઘમાં ૫૦ થી ૮૫ વર્ષના ભક્તો પણ પદયાત્રા કરી રહ્યા છે જેમને માં એ શક્તિ આપી છે. અમારા સંઘમાં મોટાભાગના પદયાત્રીઓ ૫૦ વર્ષ કરતાં વધુ ઉંમરના હોવા છતાં આજે ભક્તો પગપાળા ચાલી અને માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

લાલ દંડા સંઘની પાછળ ઈતિહાસ પણ જોડાયેલો છે કહેવાય છે કે વર્ષો અગાઉ અમદાવાદમાં જ્યારે પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો ત્યારે તત્કાલીન નગરશેઠ દ્વારા માં અંબાની બાધા રાખવામાં આવી હતી. જો શહેરમાંથી પ્લેગ રોગ નાબૂદ થઈ જશે તો તેઓ માં અંબાનાં દર્શને આવશે. ભાદરવી પૂનમમાં નગરના બ્રાહ્મણો સંઘ લઈ આંબાના સાનિધ્યમાં આવશે. જેને પગલે વર્ષો પહેલા અમદાવાદથી પાંચ બ્રાહ્મણો પગપાળા કરી અંબાજી આવ્યા હતા. આજે પણ પદયાત્રાની આ પરંપરા અવિરત ચાલુ છે. જ્યારે પણ લાલ દંડા સંઘ દાંતા પહોંચે છે ત્યારે રાજવી પરિવાર દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. દાંતા રાજવી પરિવારના જુના મહેલમાં રહેલા માં અંબાના મંદિરમાં પૂજા કરી તે બાદ આ લાલ દંડા સંઘ અંબાજી પ્રસ્થાન કરે છે. જ્યાં અંબાજી નીજ મંદિર દર્શન કરી તેઓ ધન્યતા અનુભવે છે.આજે લાલ દંડા સંઘે માં અંબાના ધામ અંબાજી પહેચી માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### કચ્છમાં નોકરીની શોધમાં આવેલા પરપ્રાંતિય યુવકની હત્યા

। પ્રતિનિધિ, ભુજ, તા.૪ ।

મુન્દ્રાના બોરાણા સર્કલ પાસે એક ગોડાઉન નજીક ગટરના નાળામાં ૨૦ વર્ષીય પરપ્રાંતિય યુવાનની હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ રાત્રીના સમયે બન્યો હોવાનું અનુમાન છે.બનાવની જાણ થતા આસપાસના રહેવાસીઓ બનાવ સ્થળે પહોંચી આવ્યા હતા.આ સાથે બનાવની જાણ થતા મુન્દ્રા પોલીસ સ્થળ પર પહોચી હતી. વધુ વિગતો આપતા મુન્દ્રા પોલીસના પીઆઈ રાકેશ ઠુંમ્મરે જણાવ્યું હતું કે મૃતક યુવક ઓમ ચંદ્ર માજી ( ઉંમર ૨૦ વર્ષ ) ગઈકાલે ઝાખંડથી આવ્યો હતો અને કામધંધો શોધતો હતો ત્યાં રાત્રીના સમયે તેની હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતકના પીએમ બાદ હત્યાં કેવી રીતે થઈ છે તે તપાસમાં ખુલશે બનાવ સ્થળે મૃતકના શરીરના લોહીના ડાઘા અને તેની ચંપલ જોવા મળી હતી.મૃતકનો મૃતદેહ ગટરના ખાડાની બાજુમાં પડ્યો હતો.મુન્દ્રા પોલીસે હત્યાં કરનાર શખ્સને પકડવા ચક્રો ગતીમાન કર્યા છે અને મૃતક ઓમચંદ્ર સાથે રહેતા શખ્સની પૂછપરછ હાથ ધરી છે. હજુ સુધી બનાવનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. જોકે કચ્છમાં વધતા હત્યાના બનાવ વચ્ચે ઝારખંડના યુવકની હત્યાથી પોલીસ દોડતી થઈ છે અને હત્યારા સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે. મુન્દ્રાના બોરાણા સર્કલ પાસે એક ગોડાઉન નજીક ગટરના નાળામાં ૨૦ વર્ષીય પરપ્રાંતિય યુવાનની હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ રાત્રીના સમયે બન્યો હોવાનું અનુમાન છે.



## નકલી ચલણી નોટોના બંડલ

# ખેતરની ઓરડીમાં ફેક્ટરી! બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં ઝડપાયો ૪૦ લાખની નોટોનો કાંડ

### પોલીસે મકાનના ભોંયરામાં ચાલતી આ નકલી નોટો બનાવવાની ફેક્ટરીને ઝડપી પાડી

| પ્રતિનિધિ, પાલનપુર, તા.૪ |

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના મહાદેવીયા ગામમાં એલસીબી પોલીસે નકલી ભારતીય ચલણી નોટો બનાવતી એક ફેક્ટરી ઝડપી પાડી છે. આ ગુપ્ત ઓપરેશનમાં પોલીસે કરોડો રૂપિયાની નકલી નોટો, બનાવટ માટે વપરાતા સાધનો અને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કૌભાંડને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ, પો.સ.ઈ. એસ.જે. પરમાર અને એ.એસ.આઈ. રાજેશકુમાર હરિભાઈને બાતમી મળી હતી કે મહાદેવીયા ગામમાં નકલી નોટોનું મોટું રેકેટ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને મહાદેવીયા ગામના રાયમલસિંહ બનેસીંગ દરબારના ખેતરમાં આવેલા રહેણાંક મકાનમાં દરોડા પાડ્યા હતા.પોલીસે મકાનના ભોંયરામાં ચાલતી આ નકલી નોટો બનાવવાની ફેક્ટરીને ઝડપી પાડી. અહીંથી પોલીસે બે મુખ્ય આરોપીઓ સંજયકુમાર ભેમજીભાઈ સોની અને કૌશિકભાઈ પ્રવીણભાઈ શ્રીમાળીને પકડી પાડ્યા, જે બંને ડીસાના ઝેરડા ગામના રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંને આરોપીઓ મકાન માલિક રાયમલસિંહના મેળાપીપણામાં રહીને આ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા.



પોલીસને દરોડા દરમિયાન ૫૦૦ રૂપિયાના દરની મોટી સંખ્યામાં નકલી નોટો મળી આવી હતી. આરોપીઓ કલર પ્રિન્ટરનો ઉપયોગ કરીને આ નોટો બનાવતા હતા. પોલીસે જે મુદ્દામાલ જપ્ત કર્યો છે તેની વિગતો નીચે મુજબ છે:

૫૦૦ના દરની નકલી નોટો: અલગ-અલગ સીરીઝ નંબરની કુલ ૫૪૯૪ નકલી નોટો મળી, જેની કિંમત ૨૭,૪૭,૦૦૦ છે.અનિયમિત આકારના પેપર પર નોટો: ઝેરોક્ષના કાગળો પર અનિયમિત આકારમાં કાપેલી ૫૦૦ના દરની ૨૧૯૦ નોટો મળી, જેની કિંમત ૧૦,૯૫,૦૦૦ છે.

"ચિલ્ડ્રન બેંક ઓફ ઈન્ડિયા"ની નોટો: બાળકો માટે રમવા માટે વપરાતી ૫૦૦ના આકારની ૧૬૦૦ નોટો પણ મળી આવી છે.

નકલી નોટો બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલા ૫ કલર પ્રિન્ટર (કિંમત ૬૦,૦૦૦), ૮ રીમ ઝેરોક્ષના કાગળ, ૫ પેપર કટર, કલર ઈંક, અને અન્ય સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા છે.કુલ મળીને, પોલીસે ૩૯ લાખથી વધુની કિંમતની નકલી ચલણી નોટો અને તેને બનાવવા માટેના સાધનો જપ્ત કર્યા છે.

પોલીસે બંને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તેની વધુ તપાસ કરી રહી છે. આ બનાવથી સ્પષ્ટ થાય છે કે ગુનાહિત પ્રવૃત્તિઓ માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે, અને પોલીસ આવી ગતિવિધિઓને રોકવા માટે સતર્ક છે.

## સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો કડક બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો

# અમદાવાદમાં ઈદ અને ગણેશ વિસર્જનને લઈને સુરક્ષા બંદોબસ્ત કડક બનાવાયો છે

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ |

અમદાવાદ શહેરમાં આવતા દિવસોમાં બે મોટા તહેવારો – ઈદ અને ગણેશ વિસર્જન – એક સાથે આવી રહ્યા છે. બંને તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે શહેર પોલીસ દ્વારા વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પ્રેસ કોન્ફરન્સ દ્વારા પોલીસે જણાવ્યું કે શહેરના દરેક વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે અને ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો કડક બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.માહિતી અનુસાર, અમદાવાદ શહેરમાં પોલીસ દળની સાથે ૧૫ એસઆરપીની કંપનીઓ અને એક સીઆરપીએફની કંપની તૈનાત કરવામાં આવી છે. આ વધારાની ફોર્સ તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં દેખરેખ રાખશે. સાથે જ સ્થાનિક પોલીસ સ્ટાફને પણ સતત મેદાનમાં રહેવા સૂચના આપવામાં આવી છે.

ગણેશ વિસર્જનને લઈને પણ ખાસ નિયમો ઘડવામાં આવ્યા છે. જીએસ મલિક, પોલીસ કમિશનર દ્વારા જણાવાયું છે કે તમામ ગણેશજીનું વિસર્જન રાત્રિના ૧૦ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવું ફરજિયાત રહેશે. આ માટે શહેરના અલગ-અલગ વિસર્જન સ્થળોએ પોલીસની ટીમ તૈનાત રહેશે. ટ્રાફિક વ્યવસ્થા સરળ રહે અને કોઈ પણ પ્રકારની ગડબડ ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસને પણ વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

## રાજકોટ : ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં ખેડૂતોને હાલાકી'-ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૪ |

'ટેકાના ભાવે ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં ખેડૂતોને હાલાકી' પડતી હોવાનું ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ એક નિવેદનમાં જણાવ્યું છે.જેમાં 'મગફળી, અડદ, સોયાબીન રજિસ્ટ્રેશનમાં હાલાકી' પડી રહી છે. તેમણે 'ટેકનિકલ ખામીને કારણે ખેડૂતોને હાલાકી પડતી હોવાનો આરોપ' લગાવ્યો છે.તે સિવાય 'રજીસ્ટ્રેશન કરાવા ખેડૂતોને લાઇનમાં ઉભું રહેવું પડે છે. કારણકે 'ઓનલાઈન સર્વરમાં ખામીને કારણે રજિસ્ટ્રેશન' થતું નથી.'રાજ્યભરમાંથી ૧ લાખ ૪૨ હજાર ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરાવી શકયા' 'સરકારને તાત્કાલિક ધોરણે સમસ્યાનું હલ લઈ આવવું પડે', એમ તેમણે વધુમાં કહ્યું હતું. તે સિવાય વસોયાએ સરકાર રજિસ્ટ્રેશનની સમય મર્યાદામાં વધારો કરે, એમ જણાવ્યું હતું. 'ટેકાના ભાવે ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં ખેડૂતોને હાલાકી' પડતી હોવાનું ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ એક નિવેદનમાં જણાવ્યું છે.જેમાં 'મગફળી, અડદ, સોયાબીન રજિસ્ટ્રેશનમાં હાલાકી' પડી રહી છે. તેમણે 'ટેકનિકલ ખામીને કારણે ખેડૂતોને હાલાકી પડતી હોવાનો આરોપ' લગાવ્યો છે.

## જૂનાગઢમાં બે પ્રસૂતાના મોતનો મામલો, એક વર્ષ બાદ હોસ્પિટલના ત્રણ સંચાલક ઝડપાયા

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૪ |

આજથી લગભગ એક વર્ષ પૂર્વે જૂનાગઢની હેલ્થ પ્લસ હોસ્પિટલમાં બે સગર્ભાના સીઝેરીયન બાદ મોત થયા હતા. તબીબી સારવાર દરમિયાન બેદરકારી રહેતા અન્ય ચાર પ્રસૂતાની કિડની કામ કરતી બંધ થઈ ગઈ હતી. સમગ્ર મામલામાં હેલ્થ પ્લસ હોસ્પિટલની બે મહિલા તબીબ અને હોસ્પિટલના સંચાલકો સામે મૃતક મહિલાના પતિ દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આજે જૂનાગઢ પોલીસે ઘટનાના લગભગ એક વર્ષ બાદ હોસ્પિટલના ત્રણ સંચાલકોની અટકાયત કરી છે.

ગત વર્ષ ૨૦૨૪ ના ઓગસ્ટ મહિનામાં જૂનાગઢમાં આવેલી હેલ્થ પ્લસ હોસ્પિટલમાં તબીબોની નિષ્ક્રિયતા અને બેદરકારીનો એક બનાવ પ્રકાશમાં આવ્યો હતો. અહીં કુલ ૭ મહિલા સારવાર માટે આવી હતી. સિઝેરિયન ઓપરેશન બાદ બે પ્રસુતાના મોત થયા હતા, અને અન્ય ચાર પ્રસુતા મહિલાને કિડની ખરાબ થઈ ગઈ હતી. હાલ ચારેય મહિલાઓ ગંભીર હાલતમાં કિડનીની સારવાર મેળવી રહી છે.આ સમગ્ર મામલામાં બંને મૃતકના પતિ ફરિયાદી આકાશ મિયાત્રા અને ભરત બાલસએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે જૂનાગઢ પોલીસે ફરિયાદ નોંધીને મહિલા તબીબ અને અન્ય લોકોની ધરપકડ કરવાની દિશામાં કામ શરૂ કર્યું હતું. પરંતુ ફરિયાદીએ આરોપી તરીકે દર્શાવેલા તમામ લોકો ફરાર થઈ ગયા હતા. જે તે સમયે તમામ મહિલાની પ્રસુતિ અને ત્યારબાદ સારવાર માટે જોડાયેલી બે મહિલા તબીબ પણ ફરાર થઈ ગઈ હતી.ખૂબ લાંબી કાયદાકીય કસરત બાદ મહિલા તબીબને રાજ્યની વડી અદાલતે આગોતરા જામીન આપ્યા હતા. જોકે, આ મામલામાં હાલ ઘટનાને એક વર્ષ બાદ જૂનાગઢ પોલીસે હેલ્થ પ્લસ હોસ્પિટલના ત્રણ સંચાલકોની અટકાયત કરી છે.






## તંત્રી લેખ..

# દોષિત નેતાઓ વધ્યા

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઈ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઈ રીતે મુકવામાં આવે તેને લઈને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઈ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામા આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઈ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઈ છે. શહાબુદીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કઈંક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઈનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા હાલમાં એક વખતે જો કોઈ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઈ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઈ રાજકીય પક્ષ એક વખત જો કોઈ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઈ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્ધીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઈચ્છા વગર આ કામ શક્ય નથી.



### દરેક સમાજના શિક્ષિત લોકો આગળ આવીને દાખલા બેસાડી શકે છે

**દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઇને ચર્ચા જોવા મળી રહી છે સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે**

# દહેજના દુષણો હજુ પણ અકબંધ છે

**સુપ્રીમ કોર્ટના ચુકાદા પણ ઉપયોગી છે : હવે આવા મામલાની જેમ જ ફરિયાદ થશે કે પોલીસની ભૂમિકા પહેલા જ દિવસથી શરૂ થશે**

દહેજ પ્રથાને રોકવા માટે દશકોથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાછતાં આ પ્રથા આજે પણ અકબંધ રહી છે. આના કારણે મંદીના માહોલમાં પ્રતિષ્ઠ સમાજના લોકોની હાલત વધારે ખરાબ થઈ રહી છે. દહેજ પ્રથાનો હવે જોરદાર રીતે વિરોધ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે આ પ્રથાને હવે બંધ કરવા માટે જોરદાર રજૂઆત થાય તે જરૂરી છે. સાથે સાથે સમાજમાં લગ્ન કરવા માટે ઈચ્છુક શિક્ષિત યુવાન પણ આનો વિરોધ કરીને દાખલા બેસાડી શકે છે. આનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત થશે. કાયદા કાનુન અનેક હોવા છતાં દહેજ પ્રથા હજુ પ્રવર્તે છે. દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે. હવે આવા મામલાની ફરિયાદ જેમ જ થશે કે તરત જ પોલીસની ભૂમિકા પ્રથમ જ દિવસથી શરૂ થઈ જશે. જો કે પોલીસને કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા માનદંડોનુ પણ પાલન કરવાનુ રહેશે. કોર્ટના ચુકાદા અને વર્તમાન સ્થિતીને લઈને હાલમાં નિષ્ણાંતો દ્વારા જુદા જુદા અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા છે. દહેજ અત્યાચારના કેસમાં કાયદાના બિનજરૂરી અને આડેધડ ઉપયોગને લઈને વ્યાપક ફરિયાદો થતી રહી છે. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટ અને કેટલીક હાઈ કોર્ટ દ્વારા સમય સમય પર ચુકાદા



આપવામાં આવ્યા છે. દહેજ અત્યાચાર સાથે સંબંધિત કેસોમાં તપાસ કરી રીતે કરવામાં આવે અને ક્યારે કેસ કઈ રીતે દાખલ કરવામાં આવે તેને લઈને હમેંશા માર્ગ દર્શિકા જારી કરવામાં આવી છે. ગયા વર્ષના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈ કરી હતી. સાથે સાથે તેના રિપોર્ટ સુધી ધરપકડ પર પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ હવે આવુ રહ્યુ નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમાં સુધારો કર્યો છે. હવે સુપ્રીમ કોર્ટે તો પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈને જ ખતમ કરી દીધી છે. પરંતુ દહેજ અત્યાચારના કેસમાં પહેલાના આપવામાં આવેલા ચુકાદાને અમલી કરવા માટે સ્પષ્ટ સુચના આપી દીધી છે. એટલે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષના ચુકાદાથી જે રાહત પતિઓને અને તેમના પરિવારના સભ્યોને આપી હતી તે દુર કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે પરિવાર કલ્યાણ કમિટી કાયદા હેઠળ નથી. સાથે સાથે તે સમજુતીના આધાર પર કેસને ખતમ કરાવી શકે તેવી સ્થિતીમાં નથી.કાયદાની આ યોગ્ય વ્યાખ્યા દેખાતી નથી. કારણ કે બિન સમજુતીવાળા કેસમાં જો સેટલમેન્ટ પણ થાય છે તો કેસ હાઈકોર્ટ જ રદ કરી શકે છે. વર્ષ ૨૦૦૩માં દલ્હી હાઈકોર્ટના તત્કાલીન જસ્ટીસ જેડી કપુરે કહ્યુ હતુ કે એવી સ્થિતી જન્મ લઈ રહી છે કે યુવતિ માત્ર પતિ જ નહી બલ્વ્કે તેમના પરિવારના સભ્યોને પણ મામલામાં લપેટી રહી છે. આ જ કારણસર લગ્નના આધાર પણ હવે હચમચી ઉઠ્યા છે. આ બાબત સમાજ માટે બિલકુલ યોગ્ય નથી. જસ્ટીસ કૈલાશ ગંભીરે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે દહેજ અત્યાચાર કેસમાં પોલીસ લાપરવાહીથી કેસ દાખલ કરશે નહી. બલ્કે તેને પહેલા ડીસીપી રેન્કના અધિકારીની આ સંબંધમાં મંજુરી લેવાની રહેશે. કોર્ટે આને લીગલ ટેરરિઝમ તરીકે ગણીને આની ટિકા કરી છે. વર્ષ ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે આ મામલામાં એક ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીના કેદના મામલામાં કોઈ જસ્ટીફિકેશન વગર ધરપકડ કરી શકાશે નહી. આમાં દહેજ અત્યાચાર કેસ પણ સામેલ છે. હાઈકોર્ટના વકીલ મુરારી તિવારી કહે છે કે બીજી જુલાઈ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીની જેલની સજાના મામલામાં યોગ્ય આધાર પોલીસ જો ધરપકડ કરે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સીકે પ્રસાદ અને પીસી ઘૌષની બેંચે કહ્યુ હતુ કે કોઈની ધરપકડ માત્ર એટલા કારણસર થઈ શકે નહી કે મામલો બિનજામીનપાત્ર છે. સાથે સાથે ગંભીર છે. પોલીસને આવુ કરવાનો અધિકાર છે. ૨૭મી જુલાઈ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદા આપ્યો હતો. જેમાં કેટલીક જોગવાઈ રદ કરી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ એકે ગોયલ, જસ્ટીસ યુયુ લલિતની બનેલી બેંચે રાજેશ શર્મા વિરુદ્ધ સ્ટેટ ઓફ યુપીના કેસમાં દહેજ અત્યાચાર કેસમાં ઉંડી ચકાસણી કરી હતી. ત્યારબાદ કેટલીક માર્ગદર્શિકા જારી કરી હતી. આના ભાગરૂપે દેશભરમાં પરિવાર કલ્યાણ સમિતી બનાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને એક કમિટી બનાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. જેમાં સિવિલ સોસાયટીના લોકો અને સોશિયલ વર્કરોને સામેલ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. વ્યવસ્થા કરવામાં આવી કે જો કો દહેજને લગતી ફરિયાદ પોલીસ અથવા તો મેજસ્ટ્રેટની પાસે આવે છે તો તેને કમિટીને સોંપી દેવાની રહેશે. કમિટી ત્યારબાદ બંને પક્ષોને બોલાવશે અને જો જરૂર પડશે તો સેટલમેન્ટ કરાવશે. આ બાબતને પણ જોશે કે ફરિયાદ કેટલીક નક્કર રહેલી છે.

# ગારમેન્ટસ નિકાસની સારી તક છે

કોરોના કાળમાં પ્રતિકળ સંજોગોમાં ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. જેના કારણે એકબાજુ ભારત સરકાર અને તમામ અર્થશાસ્ત્રી ચિંતાતુર બનેલા છે. કોરોના સહિના વૈશ્વિક પરિબળોને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વસ્ત્રોની નિકાસ કરનાર કારોબારીઓ અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવા માટેની સુવર્ણ તક રહેલી છે. રૂપિયાના થઈ રહેલા અવમુલ્યન વચ્ચે ટેક્સ ટાઈલની ચીજ વસ્તુઓની આયાત કરનાર દેશો પણ ભારતમાંથી આયાતને લઈને હાલમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. સાથે સાથે અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સટાઈલ નિકાસકારો અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ભારત કેટલીક ચીજવસ્તુઓના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે.

ભારત કપાસના સૌથી મોટા ઉત્પાદક દેશ અને નિકાસકાર દેશ પૈકી એક છે. આ એક તથ્ય છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ ટકા, નિર્માણ ક્ષેત્રનુ ૧૪ ટકા યોગદાન છે. આવી જ રીતે જીડીપીમાં ચાર ટકા અને દેશની નિકાસ આવકમાં ૧૨ ટકાનુ યોગદાન રહેલુ છે. જે સાબિત કરે છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ કેટલુ મહત્વ રહેલુ છે. કોરોના મહામારી વચ્ચે સરકારે આપેલી રાહતો વચ્ચે આ ક્ષેત્રમાં રોજગારીની તક ઉભી કરવા માટેની શક્યતા પણ સૌથી વધારે છે. આ વાત જુદી છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વસ્ત્ર અને ટેક્સ ટાઈલ ઉદ્યોગ તરફથી સરકારની પ્રત્યે કેટલીક માંગ રહી છે. તેમના ટાર્ગેટ પણ પૂર્ણ થઈ રહ્યા નથી. અમેરિકાના રાષ્ટ્રીય રિટેલ એસોસિએશનના નવેસરના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩માં અમેરિકા ટેક્સ ટાઈલ અને વસ્ત્રોના વેચાણમાં નવી ઉંચાઈ સુધી પહોંચી શકે છે. હાલના વર્ષોમાં અમેરિકામાં વસ્ત્રોનુ વેચાણ રેકોર્ડ ગતિથી વધી રહ્યુ છે. અમેરિકામાં બે મહાકાય રિટેલ સ્ટોર વોલમાર્ટ અને ટાર્ગેટ કોર્પ દ્વારા શાનદાર દેખાવ કરવામાં આવ્યો છે.

આવનાર રજાના ગાળા દરમિયાન અમેરિકામાં વસ્ત્ર આયાત વધી જવાની શક્યતા છે.આના કારણે ભારતને સૌથી વધારે નિકાસ કરવા માટેની તક મળનાર છે. ભારતમાંથી સૌથી વધારે નિકાસ અમેરિકામાં થાય છે. યુરોપિયન યુનિયનના દેશોમાં પણ વસ્ત્રોની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. રૂપિયાના સતત અવમુલ્યનના કારણે સ્થિતી સારી થઈ શકે છે. કારણ કે આયાતને પ્રાથમિકતા આપી રહેલા દેશો ભારતમાંથી વસ્ત્રોની આયાતના ઓર્ડર વધારી શકે છે. અમેરિકામાં વેચાણના આંકડા સતત વધી રહ્યાછે. આવી સ્થિતીમાં ભારતના નિકાસકારોની સ્થિતી વધારે મજબુત બની શકે છે.



### બી એલર્ટ : પ્રવાસ દરમિયાન વિવિધ સંકેતોને ધ્યાનમાં લેવાની જરૂર

**હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઇડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે**

# હાર્ટ અટેકના સંકેતની અવગણના ઘાતક

**પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ અટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે**

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઈએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે.

ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઈડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના



લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઈ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે.

યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

પરિણામ દર્શાવે છે કે ફ્લેઓનોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.

# કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એક્સ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઈનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઈન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઈ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઈમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઈમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઈ શકે છે.

યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઈન્ટરનેટ મારફતે કઈ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઈ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. આ ઈન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઈ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે.

સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઈન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઈ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઈન્ટરનેટ પર વાયરલ થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઈન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઈ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઈક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઈ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ







એ છે કે એડએફડોટ એલવાય વેબસાઈટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પે પોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે.

આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઈટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે. એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઈટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઈટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઈટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઈટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એક્સ્ટ્રા આવકની બોલબાલા છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



# પંજાબમાં બે દિવસથી ભારે વરસાદ

**વરસાદનો કહેર**

પંજાબ સરકારે સમગ્ર રાજ્યને આપત્તિગ્રસ્ત જાહેર કર્યું । અસરગ્રસ્ત સેવાઓને પુનઃસ્થાપિત કરવા માટે તમામ વિભાગોને યુદ્ધના ધોરણે કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો । તમામ વિભાગોના કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી । મુખ્ય સચિવ કેએપી સિંહાએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને વિભાગોને રાહત કાર્ય ઝડપી બનાવવા જણાવ્યું છે

# ૧૪૦૦ થી વધુ ગામો પૂરથી પ્રભાવિત । ૩૭ લોકોના મોત

। લોક પત્રિકા ટીમ, નવીદિલ્હી, તા.૪ ।

હિમાચલ અને પંજાબમાં સતત વરસાદને કારણે પૂરની સ્થિતિ વધુ વણસી છે. પંજાબના તમામ ૨૩ જિલ્લાઓના ૧૪૦૦ થી વધુ ગામડાઓ પૂરની ઝપેટમાં આવ્યા છે. આવી સ્થિતિમાં, પંજાબ સરકારે સમગ્ર રાજ્યને આપત્તિગ્રસ્ત જાહેર કર્યું છે.અસરગ્રસ્ત સેવાઓને પુનઃસ્થાપિત કરવા માટે તમામ વિભાગોને યુદ્ધના ધોરણે કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તમામ વિભાગોના કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. મુખ્ય સચિવ કેએપી સિંહાએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને વિભાગોને રાહત કાર્ય ઝડપી બનાવવા જણાવ્યું છે.શિક્ષણ મંત્રી હરજોત બેન્સે ૭ સપ્ટેમ્બર સુધી તમામ સરકારી, સહાયિત, માન્ય, ખાનગી શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને પોલિટેકનિક સંસ્થાઓ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. અગાઉ તેમને ૩ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યમાં ૩.૫ લાખ એકર જમીનમાં પાક ડૂબી ગયો છે. અત્યાર સુધીમાં ૩૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. બુધવારે પણ ત્રણ લોકોના મોત થયા છે. આમાં બરનાલામાં એક વૃદ્ધ દંપતી અને લુધિયાણામાં એક યુવાનનો સમાવેશ થાય છે.

હિમાચલના ઉપરના વિસ્તારોમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાના કારણે, ભાખરા બંધ પાછળ બનેલા વિશાળ ગોવિંદ સાગર તળાવનું પાણીનું સ્તર ૧૬૭૮.૧૦ ફૂટ પર પહોંચી ગયું છે જે ભયના નિશાનથી માત્ર બે ફૂટ નીચે છે. ભયનું નિશાન ૧૬૮૦ ફૂટ છે. ભાખરામાંથી ટર્બાઇન અને પૂર દરવાજા દ્વારા દરરોજ ૭૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નાંગલ હાઈડેલ કેનાલ અને શ્રી આનંદપુર સાહિબ હાઈડેલ કેનાલમાં ૯ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે જ્યારે સતલજ નદીમાં લગભગ ૫૭ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. લગભગ ૨૦ સ્થળોએ નહેરના સમારકામનું કામ ચાલી રહ્યું છે.

હોશિયારપુરના તલવારામાં પોંગ ડેમ જળાશયમાં પાણીનું સ્તર ભયના નિશાનથી ચાર ફૂટ ઉપર ગયું છે. તેથી,બીબીએમબીએ ધીમે ધીમે પાણીનું પ્રમાણ વધારીને એક લાખ ક્યુસેક કરવાનો નિર્ણય લીધો છે. પોંગ ડેમના જળાશયમાં પાણીનું સ્તર ૧૩૯૪.૧૫ ફૂટ નોંધાયું હતું. હાલમાં, દરરોજ ૮૦,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હવે તેને વધારીને ૧ લાખ ક્યુસેક કરવામાં આવશે. પઠાણકોટ. ૧૯૮૮, ૯૩ પછી ૨૦૨૫ માં પંજાબમાં આવી સ્થિતિ ઉભી થઈ છે. રણજીત સાગર ડેમ પર કામ કરતા કામદારોના જણાવ્યા મુજબ, તેમણે પહેલી વાર આટલું પૂર જોયું છે. ડેમ બન્યા પછી, પહેલી વાર, બધા સાત દરવાજા ખોલવા પડ્યા છે. બુધવારે, ડેમમાં પાણીનું સ્તર ૫૨૬.૯૭ મીટર પર પહોંચી ગયું, જે ખતરાના નિશાનથી એક મીટર નીચે છે.







## બુધવારે ૭૧ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું

## ૩.૫ લાખ એકર જમીનમાં પાક પાણીમાં ડૂબી ગયો

સતત વરસાદ અને પૂરથી પંજાબમાં ભારે વિનાશ થયો છે. મુશળધાર વરસાદથી રાજ્યના તમામ ૨૩ જિલ્લાઓમાં પાણી ભરાઈ ગયા છે. આને કારણે પરિસ્થિતિ ઘણી વધુ વણસી ગઈ છે. આને કારણે, પંજાબ સરકારે સમગ્ર રાજ્યને આપત્તિગ્રસ્ત રાજ્ય જાહેર કર્યું છે. માહિતી અનુસાર, પંજાબના ૨૩ જિલ્લાઓમાં ૧૪૦૦ ગામો પૂરની ઝપેટમાં છે. પંજાબના મુખ્ય સચિવ કે.એ.પી. સિંહાએ રાજ્યના તમામ ૨૩ જિલ્લાઓને પૂરગ્રસ્ત જાહેર કર્યા છે. તેમણે જિલ્લા કમિશનરોને આપત્તિની આશંકાના કિસ્સામાં કાયદાની કલમ ૩૪ હેઠળ તમામ જરૂરી આદેશો જારી કરવા માટે અધિકૃત કર્યા છે, જે તેમને સ્વતંત્ર રીતે કાર્ય કરવાનો અને કટોકટી માટે તૈયાર રહેવાનો અધિકાર આપે છે.

